# ખાતરની કાળાબજારી સામે સરકારની લાલઆંખ

**રાજ્યભરમાં** વિશેષ તપાસ ટીમો તૈનાત કરવામાં આવી

**ટોપ** યુરિયા ડીલર્સની ચકાસણી કરવામાં આવશે

**ટેગિંગ**-સંગ્રહખોરી અને બનાવટી ખાતર સામે ઝીરો ટોલરન્સની નીતિ

ગાંધીનગર : ખેડૂતોને સબસિડાઈઝ્ડ રાસાયણિક ખાતર યોગ્ય ભાવમાં અને પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ રહે તેમજ ખાતરની કાળાબજારી, સંગ્રહખોરી, ટેગિંગ અને બિન-કૃષિ ઉપયોગ જેવી ગેરરીતિઓ પર અંકુશ લાવવા રાજ્ય સરકારે સમગ્ર રાજ્યમાં વિશેષ તપાસ અભિયાન શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આ અંતર્ગત દરેક જિલ્લામાં તપાસ અધિકારીઓ અને નિરીક્ષણ અધિકારીઓની નિમણૂક કરીને ખાતરના વિતરણથી લઈને વેચાણ સુધીની સમગ્ર પ્રક્રિયા પર સતત નજર રાખવામાં આવશે. રાજ્ય કક્ષાના કંટ્રોલ રૂમ મારફતે રોજબરોજ મોનિટરિંગ કરવામાં આવશે, જ્યારે ગેરરીતિમાં સંડોવાયેલા ડીલરો અને એજન્સીઓ સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે ખેડૂતોના હિતોને ધ્યાનમાં રાખીને સબસિડાઈઝ્ડ ખાતરનો ઔદ્યોગિક અથવા બિન-કૃષિ ઉપયોગ, સંગ્રહખોરી દ્વારા કૃત્રિમ અછત ઊભી કરવી, કાળાબજારી, બનાવટી ખાતરનું વેચાણ તેમજ યુરિયા સાથે અન્ય ઉત્પાદનોનું ફરજિયાત ટેગિંગ જેવી ગેરરીતિઓ કોઈપણ સંજોગોમાં સહન કરવામાં આવશે નહીં. આ માટે રાજ્યના તમામ જિલ્લાઓમાં વિશેષ તપાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. નિમણૂંક કરાયેલા તપાસ અધિકારીઓ ખાતરના ડીલરોની રૂબરૂ મુલાકાત લઈને પીઓએસ (POS) મશીનના વેચાણના આંકડા અને સ્થળ પરના વાસ્તવિક સ્ટોકની સરખામણી કરશે. ખાસ કરીને દરેક જિલ્લાના સૌથી વધુ યુરિયા વેચતા ટોપ ડીલર્સની વિગતવાર તપાસ કરવામાં આવશે. ખેડૂતોને તેમની જરૂરિયાત મુજબ ખાતર મળી રહ્યું છે કે નહીં અને યુરિયા સાથે અન્ય ખાતર કે ઉત્પાદનોનું બળજબરીપૂર્વક ટેગિંગ તો કરવામાં આવતું નથી ને તેની પણ ચકાસણી થશે.

તપાસ દરમિયાન યુરિયાનો ઉપયોગ કરતી ઔદ્યોગિક એકમોની મુલાકાત લઈને ખાતર કૃષિ ક્ષેત્રમાંથી અન્ય ક્ષેત્રોમાં ડાયવર્ટ તો થતું નથી ને તેની પણ ખાતરી કરવામાં આવશે. શંકાસ્પદ ખાતરના નમૂનાઓ લઈને તેની ગુણવત્તાની તપાસ પણ કરાશે. સમગ્ર તપાસ પ્રક્રિયા પર ઝોનવાઈઝ નિરીક્ષણ અધિકારીઓ નજર રાખશે, જ્યારે રાજ્યના ખેતી નિયામક કચેરી દ્વારા કંટ્રોલ રૂમ મારફતે દૈનિક સમીક્ષા કરવામાં આવશે.

સરકારે સ્પષ્ટ કર્યું છે કે તપાસ દરમિયાન સ્ટોકમાં ગેરરીતિ, વધુ ભાવ વસૂલવા, ટેગિંગ, કાળાબજારી અથવા બનાવટી ખાતરના વેચાણમાં સંડોવણી સામે આવશે તો સંબંધિત ડીલર કે એજન્સી સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. રાજ્ય સરકાર ખેડૂતોને સમયસર, વ્યાજબી દરે અને પારદર્શક રીતે ખાતર ઉપલબ્ધ કરાવવા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ હોવાનું કૃષિ મંત્રીએ જણાવ્યું હતું.

# બાંકીપુરમાં પ્રશાંત કિશોરની જીતે ભાજપ અને આરજેડીને આંચકો આપ્યો છે



જન સૂરાજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોરે બિહારના બાંકીપુરમાં બહુચર્ચિત પેટાચૂંટણી જીતીને ભાજપને જબરદસ્ત આંચકો આપ્યો છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન રાજ્યસભામાં ચૂંટાયા બાદ તેમની આ બેઠક ખાલી પડી હતી. પટનાના શહેરી વિસ્તારમાં આવેલી આ બેઠક ભાજપનો ગઢ માનવામાં આવે છે, કારણ કે છેલ્લાં 30 વર્ષથી આ બેઠક ભાજપના હાથમાં હતી, પરંતુ આ વખતનાં પરિણામો મોટા અપસેટનો સંકેત આપે છે. પ્રશાંત કિશોરે તેમના નજીકના હરીફ ભાજપના નીરજ કુમારને ૧૯,૩૨૪ મતોથી હરાવ્યા છે. નવ મહિના પહેલાં જ બિહાર વિધાનસભાની ચૂંટણીમાં NDA એ ૨૪૩ માંથી ૨૦૨ બેઠકો જીતી હતી. જો કે, તે ચૂંટણીઓમાં જન સૂરાજ પાર્ટીનો એક પણ ઉમેદવાર જીતી શક્યો ન હતો. ઘણા વિશ્લેષકો આ માટે ખૂબ ઓછા મતદાનને પણ જવાબદાર ગણાવી રહ્યા છે. જો કે, ભાજપે રાષ્ટ્રીય જનતા દળ (RJD) ના મતો પ્રશાંત કિશોરને ટ્રાન્સફર થવાને તેમની હારનું મુખ્ય કારણ ગણાવ્યું છે.

ચૂંટણીનાં પરિણામો જાહેર થયા પછી પ્રશાંત કિશોરે જે સૌથી મહત્ત્વની વાત કહી તે એ હતી કે આ ચૂંટણી ભાજપ માટે એક સંદેશ છે. તેમણે પત્રકારોને જણાવ્યું હતું કે આ ચૂંટણી ફક્ત ધારાસભ્યોને ચૂંટવા માટે નહોતી, પરંતુ ભાજપના ટોચના નેતૃત્વને સંદેશો આપવા માટે હતી કે એક સારા વ્યક્તિને બિહારના મુખ્ય મંત્રી બનાવવા જોઈએ, જેથી રાજ્યમાં શિક્ષણ અને રોજગારની સ્થિતિ સુધરી શકે. આ સંદેશો લોકોએ આપ્યો છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે બિહારને સારું નેતૃત્વ મળવું જોઈએ. અહીંથી સ્થળાંતર બંધ થવું જોઈએ. બાંકીપુરમાં ભાજપના ઉમેદવારની હાર માટે બે મુખ્ય કારણો જણાવવામાં આવી રહ્યાં છે. પહેલું, છેલ્લી ઘડીએ ઉમેદવાર બદલવો અને બીજું, કુશવાહા સમુદાયના સમ્રાટ ચૌધરીની મુખ્યમંત્રી તરીકે નિમણૂકને કારણે ઉચ્ચ જાતિઓમાં અસંતોષ. પેપર લીક અંગે યુવાનો દ્વારા તાજેતરમાં થયેલાં વિરોધ પ્રદર્શનોની પણ આ પરિણામ પર અસર પડી હોવાનું માનવામાં આવે છે. તાજેતરના જનરલ ઝેડ વિરોધ પ્રદર્શનોમાં મુખ્યત્વે હિન્દુ ઉચ્ચ જાતિ, ઓબીસી અને દલિત યુવાનોની નોંધપાત્ર સંખ્યા સામેલ હતી. આ વિરોધ પ્રદર્શનો બિહારમાં જાતિ ગણિતને પ્રભાવિત કરી શકે છે, જેને ભાજપ હળવાશથી લેતું હતું. બાંકીપુર બેઠક ઉપર ભાજપની હારમાં બિહારમાં અને દિલ્હીમાં ચાલી રહેલા વિદ્યાર્થી આંદોલન ઉપરાંત અયોધ્યાના રામ મંદિરની દાનપેટીમાંથી કરોડો રૂપિયાની ચોરીનો પણ મહત્ત્વનો ફાળો હતો. હકીકતમાં, ૨૦ જુલાઈના રોજ, કોક્રોચ જનતા પાર્ટી (CJP) એ NEET પેપર લીક મામલે તત્કાલીન શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી સાથે જંતર-મંતરથી સંસદ સુધી કૂચ કરવાની યોજના બનાવી હતી. દિલ્હીમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનની સાથે, NEET પેપર લીકને લઈને ૨૨, ૨૩ અને ૨૫ જુલાઈના રોજ બિહારના વિવિધ વિસ્તારોમાં અનેક હિંસક વિરોધ પ્રદર્શનો થયાં હતાં. રાજધાની પટના સહિત ઘણા વિસ્તારોમાં થયેલાં આ પ્રદર્શનો સામે પોલીસે બળપ્રયોગ પણ કર્યો હતો. જ્યારે દેશની રાજધાની અને બિહારમાં આ વિરોધ પ્રદર્શનો ચાલી રહ્યાં હતાં, ત્યારે બિહારની રાજ્યની રાજધાની પટનામાં બાંકીપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે પ્રચાર પણ પૂરજોશમાં ચાલી રહ્યો હતો. આ બેઠક માટે મતદાન 30 જુલાઈના રોજ થયું હતું અને ૨૫ જુલાઈના રોજ બિહાર બંધ દરમિયાન વિદ્યાર્થીઓ સહિત ઘણા લોકોની ધરપકડ કરવામાં આવી હતી. પ્રશાંત કિશોરે સમયાંતરે પ્રેસ કોન્ફરન્સ દરમિયાન વિદ્યાર્થીઓના આંદોલનને લગતા પ્રશ્નોના જવાબ આપ્યા હતા અને પોલીસ કાર્યવાહીની નિંદા કરી હતી. ૨૦૨૪ માં બિહાર પબ્લિક સર્વિસ કમિશન (BPSC) ની પ્રિલિમ પરીક્ષા ફરીથી યોજવાની માંગણી સાથે થયેલાં વિરોધ પ્રદર્શનોમાં પણ પ્રશાંત કિશોર મોખરે હતા.

ટુ ધ પોઇન્ટ
■ સંજય વોરા ■

પરીક્ષા ફરીથી યોજવાની માંગણી સાથે વિરોધ કરી રહેલાં વિદ્યાર્થીઓ પર પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. CJP એ બિહારમાં થયેલાં વિરોધ પ્રદર્શનોને ટેકો આપ્યો હતો. એક પ્રેસ કોન્ફરન્સમાં પ્રશાંત કિશોરને પૂછવામાં આવ્યું કે જો CJP બિહારમાં આવે તો તેઓ શું કરશે. આ પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે બિહારમાં CJPનું સ્વાગત છે. તેમણે કહ્યું કે જે કોઈ પણ આ સરકારના અલોકતાંત્રિક વર્તન અને કાર્યપદ્ધતિને પડકારવા માંગે છે, અમે તેમની સાથે છીએ. બાંકીપુર વિધાનસભા મતવિસ્તારના સ્થાનિક મુદ્દાઓ પહેલાથી જ પેટાચૂંટણીમાં પ્રભુત્વ ધરાવતા હતા. જેઓ પરંપરાગત રીતે ભાજપના મુખ્ય મતદારો રહ્યા છે અથવા પોતાને RSS સાથે જોડે છે. તેમણે આ વખતે મતદાન ન કરવાનું મન બનાવી લીધું હતું. તેમનામાં રોષ હતો કે આ બેઠકને ભાજપની જાગીર માનવામાં આવી છે. એક રીતે, લોકોમાં એક ફરિયાદ હતી કે હંમેશા વચનો આપવામાં આવે છે પણ કંઈ થતું નથી. સીજેપી અને બિહારમાં થયેલાં વિરોધ પ્રદર્શનો ભાજપની શબપેટીમાં અંતિમ ખીલા સમાન હતા. તમે કહી શકો છો કે મતદારોએ ભાજપ વિરુદ્ધ પોતાનું મન બનાવી લીધું હતું, પરંતુ આ વિરોધ પ્રદર્શનોએ તેમના નિર્ણયને ઘણી શક્તિ આપી હતી. આ વિજય પછી પ્રશાંત કિશોર જાયન્ટ કીલર બન્યા છે. હવે તેમની નજર બિહારની ગાદી ઉપર છે. આ માટે ૨૦૨૯ની લોકસભાની ચૂંટણી અને ૨030ની વિધાનસભા ચૂંટણી મહત્ત્વની રહેશે.

બાંકીપુર પેટાચૂંટણીમાં પ્રશાંત કિશોરે ભાજપનો કિલ્લો તોડી નાખ્યો છે. આ ચૂંટણીમાં તેમના નામાંકન અને પ્રચારની શરૂઆતથી જ, પીકે કહેતા રહ્યા કે આ ચૂંટણી ફક્ત એક વિધાનસભા મતવિસ્તારની નથી પરંતુ તે મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીના કાર્ય પર જનમત છે. વરિષ્ઠ પત્રકાર અરવિંદ શર્મા કહે છે કે એ વાત સાચી છે કે પ્રશાંત કિશોરે સમ્રાટ ચૌધરીને નિશાન બનાવીને આ આખી ચૂંટણી જે રીતે લડી છે, તે ચોક્કસ છે કે ભાજપે સમ્રાટ ચૌધરીને મુખ્યમંત્રી પદ પર ચાલુ રાખવા કે નહીં તે વિશે વિચારવું પડશે, પરંતુ આ જીતનો સૌથી મોટો પ્રભાવ વિપક્ષ પર પડશે. તેજસ્વી યાદવ વિપક્ષના નેતા તરીકે ઉદાસીન રહે છે. આવી સ્થિતિમાં, રાજ્યમાં ભાજપ વિરોધી મતદારોને પ્રશાંત કિશોરના રૂપમાં એક નવો વિકલ્પ મળશે. બાંકીપુર બિહારમાં નવા વિપક્ષી રાજકારણ માટે લોન્ચિંગ પેડ બનશે. પ્રશાંત કિશોરના વિધાનસભામાં પ્રવેશ સાથે તેજસ્વી યાદવે વિપક્ષી રાજકારણના એક અગ્રણી ચહેરા તરીકે પોતાનું સ્થાન મેળવવા માટે સંઘર્ષ કરવો પડશે.

ભાજપના અમિત માલવિયાએ બાંકીપુરના પરિણામને આરજેડી માટે ચેતવણી ગણાવ્યું છે. X પરની પોસ્ટમાં તેમણે લખ્યું કે બાંકીપુરમાં જે બન્યું તે RJD માટે ચેતવણી છે. જો ભાજપને હરાવવાના પ્રયાસમાં તેમના મત જન સૂરાજ પાર્ટી તરફ ગયા છે, તો ઇતિહાસ બતાવે છે કે આવી વ્યૂહરચના ઘણી વાર મુખ્ય હરીફ કરતાં રાજકીય જમીન ગુમાવનાર પક્ષને વધુ નબળી પાડે છે. કોંગ્રેસનું ઉદાહરણ આપતાં અમિત માલવિયાએ લખ્યું કે પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસે ૨૦૧૧ માં ડાબેરીઓને હરાવવા માટે તૃણમૂલ કોંગ્રેસ માટે રાજકીય જગ્યા છોડી દીધી. પરિણામ એ આવ્યું કે તૃણમૂલ કોંગ્રેસ મજબૂત બની અને કોંગ્રેસ હાંસિયામાં ધકેલાઈ ગઈ. દિલ્હીમાં કોંગ્રેસે ભાજપને રોકવાના નામે આમ આદમી પાર્ટી માટે જગ્યા બનાવી અને અંતે તેણે સત્તા ગુમાવી દીધી. પીકેની જીતથી આરજેડીની ચિંતા વધી ગઈ છે. આરજેડી સુપ્રીમો લાલુપ્રસાદ યાદવની પુત્રી અને તેજસ્વી યાદવની બહેન રોહિણી આચાર્યે પીકેને તેમની જીત પર અભિનંદન આપતાં કહ્યું કે જીત એ લોકોને જાય છે જેઓ જનતા સાથે સતત સંપર્કમાં રહે છે અને પોતાના કાર્યકરોનું સન્માન કરે છે. રોહિણી જ નહીં, પરંતુ આરજેડીના વરિષ્ઠ નેતાઓ પણ તેજસ્વી યાદવના વલણથી અસ્વસ્થ છે. તાજેતરમાં વરિષ્ઠ આરજેડી નેતા ઉદય નારાયણ ચૌધરીએ મંચ પરથી કહ્યું હતું કે તેજસ્વી યાદવે લાલુ યાદવની જેમ પાર્ટીના કાર્યકરો સાથે સંપર્કમાં રહેવું જોઈએ. આરજેડીનો મુખ્ય મતદાર આધાર પ્રશાંત કિશોર સાથે ગયો છે. સમ્રાટ ચૌધરી મુખ્યમંત્રી બન્યા પછી આ પહેલી સીધી ચૂંટણી હતી, જેમાં જનતાએ પોતાનો પ્રતિનિધિ પસંદ કરવાનો હતો. બાંકીપુર બેઠક નીતિન નવીન પાસે હતી, જેઓ રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા પછી અને રાજ્યસભામાં પ્રવેશ્યા પછી ખાલી પડી હતી. આવી સ્થિતિમાં, ભાજપના ગઢ તરીકે જાણીતા બાંકીપુરમાં થયેલી હાર મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરી અને નીતિન નવીનના ભાવિ રાજકીય કદ પર અસર કરે તેવી પણ શક્યતા છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**બાંકીપુર બેઠક ઉપર ભાજપની હારમાં બિહારમાં અને દિલ્હીમાં ચાલી રહેલા વિદ્યાર્થી આંદોલન ઉપરાંત રામ મંદિરની દાનપેટીમાંથી કરોડો રૂપિયાની ચોરીનો પણ મહત્ત્વનો ફાળો હતો**

# સરીગામ ઈન્ડસ્ટ્રીના ભ્રષ્ટાચારની CBI તપાસ કેમ નથી થતી?

**૨૦ પ્લોટની** સામે ખેતીની જમીનની અદલાબદલીની તપાસ માટે શક્તિસિંહ ગોહિલની માંગ

અમદાવાદ : વલસાડ જીલ્લાના ઉમરગામ તાલુકાના સરીગામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં કરોડો રૂપિયાના ૨૦ પ્લોટને ખેતીની જમીનની સાથે અદલા બદલ કરવાના નિર્ણયને અગાઉ ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની ડિવિઝન બેચે રદ કર્તાની સાથે નિરીક્ષણ કર્યું હતું કે, GIDCના દ્વારા સામેવાળા સાથે મિલીભગત કરીને કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરેલો છે, આ સાથે એક જાગૃત નાગરિકે કરેલી PILને ગ્રાહ્ય રાખીને ભ્રષ્ટાચારથી ભરેલા પ્લોટ ફાળવણીના હુકમને ગુજરાત હાઈકોર્ટે રદ કર્યો હતો અને ખુબજ ગંભીર ઓબ્ઝર્વેશન GIDCના અધિકારી સામે કરેલા હતા જેને સુપ્રીમકોર્ટે ફરી વખત પોતાના જજમેન્ટમાં નોંધીને એ સાબિત કરી આપ્યું છે કે જીઆઈડીસીમાં કેવો ભ્રષ્ટાચાર ચાલે છે. તો આ ભ્રષ્ટાચારની ઈન્કમટેક્ષ, CBI, અને EDની તપાસ કેમ થતી નથી, તેવો વેધક પ્રશ્ન પ્રદેશ કોગ્રેસના પૂર્વ પ્રમુખ અને સિનીયર નેતા શકિતસિંહ ગોહિલે કર્યો હતો.

શકિતસિંહ ગોહિલે અમદાવાદ ખાતે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટના કડક વલણ પછી પણ ગુજરાતના ભ્રષ્ટ અધિકારીઓએ ૨૦ પ્લોટની સામે ખેતીની નજીવી કિંમતની જમીન આપી દેનાર વ્યક્તિને વળતરની રકમ આપવામાં પણ ખોટા અને મોટા ગફ્લા કરેલા હતા. સુપ્રીમકોર્ટે વળતર માટે ગુજરાત સરકારે જુના કાયદા મુજબ ૫.૮૫ કરોડો અને નવા કાયદા મુજબ ૨૪.૭૨ કરોડ અને વ્યાજ એમ મળીને વળતરના કરોડો રૂપિયા આપવાનો જે નિર્ણય કર્યો હતો તેને સુપ્રીમકોર્ટે રદ કરીને માત્ર ૧ કરોડ ૧૭ લાખ જેવી નજીવી રકમ વળતર માટે આપવા પાત્ર થાય છે તેમ નિર્ણયમાં જણાવેલા છે. શકિતસિંહ ગોહિલે કહ્યું હતું કે, ગુજરાત સરકારમાં ભય મુક્ત ભષ્ટાચાર ચાલે છે તેનું આ સૌથી મોટું ઉદાહરણ છે. સારું થયું કે એક જાગૃત નાગરિક દ્વારા હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી અને ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ બનેલી બેંચ દ્વારા ખુબ વિસ્તુત રીતે મેટરની છણાવટ બાદ GIDCના અધિકારીના ભ્રષ્ટ વલણને ઉજાગર કરીને કરોડો રૂપિયાની કિંમતના પ્લોટો નજીવી કિંમતની એગ્રીકલ્ચર લેન્ડ સામે ટ્રાન્સફર કરવાનો નિર્ણય અને GIDCની નીતિની વિરુધ્ધનો નિર્ણય હતો તેને રદ કર્યો હતો. અધિકારી સામે સ્ટ્રીક્ચર પાસ કર્યા હતા. હાઈકોર્ટના આ પ્રસંશનીય ન્યાયી વલણ બાદ સુપ્રીમકોર્ટે પણ ગુજરાત હાઈકોર્ટના નિરીક્ષણને અને GIDCમાં ચાલતા ભ્રષ્ટાચાર વિષે કરેલા સ્ટ્રીક્ચરને રીઈટ્રેટ કરીને (પુનઃ નોધીને) GIDCના ભ્રષ્ટાચારને ખુલ્લો કરેલ છે. આટલું બધું થયા હોવા છતાં પણ જયારે GIDC સાથે મિલાપણાથી ગેર વહીવટ કરનાર અરજદારને વળતરનો પ્રશ્ન આવ્યો ત્યારે સંપૂર્ણપણે ખોટી રીતે ગણતરી કરીને ૩૦ કરોડ કરતા વધારે રૂપિયાનું વળતર અને વ્યાજ આપવાનો પ્રયત્ન થયો. પરંતુ તાજેતરના નામદાર સુપ્રીમકોર્ટના જજમેન્ટએ આ કોશિશ નાકામયાબ કરીને સ્પષ્ટ કરી આપ્યું છે કે માત્ર ૧ કરોડ ૧૭ લાખ ૧૬ હાજર અને ૯૦ રૂપિયા જ મળવા પાત્ર થાય છે. આ બધા પરથી સ્પષ્ટ થાય છે કે ગુજરાતમાં કેવા પ્રકારનો ભ્રષ્ટ વહીવટ ચાલી રહ્યો છે.

આ સંજોગોમાં કોંગ્રેસ પક્ષની માંગણી છે કે, (૧) ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટે જયારે સ્પષ્ટ રીતે GIDCના અધિકારીઓના ભ્રષ્ટ વહીવટ (માલાફાઈડ) ઈનટેશન માટે સ્ટ્રીક્ચર પાસ કર્યા છે ત્યારે સરકાર આવા અધિકારીઓ સામે કેમ કાર્યવાહી કરતી નથી. (૨) GIDCના અંદર સતત ચાલતા ભ્રષ્ટાચાર અને માત્ર ને માત્ર ભ્રષ્ટાચાર માટે જ્યુડિશિયલ કમીશનની તપાસ સોપવામાં આવે તપાસનો રિપોર્ટ જાહેર જનતામાં ખુલ્લો મુકવામાં આવે. (૩) સરકારોએ કોઈપણ જમીન કે મિલકત હરાજી વગર કોઈને પણ આપવી નહીં છતાં જીઆઈડીસીએ અરજીઓ વગર હરાજીએ શા માટે પ્લોટ આપ્યા?

## અમદાવાદમાં હવે રવિવારે પણ સ્વૈચ્છિક ધોરણે શાળાઓ ચાલુ રાખી શકાશે

અમદાવાદ : અમદાવાદ શહેરમાં તમામ સરકારી, અનુદાનિત (ગ્રાન્ટેડ) તેમજ સ્વનિર્ભર શાળાઓ જરૂર જણાય તો સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ચાલુ મહિનાના રવિવારના દિવસે પણ સ્વૈચ્છિક ધોરણે શાળા શરૂ રાખી શકશે.

અમદાવાદ શહેરમાં ભારે વરસાદને કારણે જાહેર કરાયેલી રજાઓના પરિણામે વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યમાં થયેલા વિક્ષેપની ભરપાઈ કરવા જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. આ પરિપત્ર મુજબ રવિવારે શાળા ચાલુ રાખીને બાકી રહેલો અભ્યાસક્રમ પૂર્ણ કરવો, પુનરાવર્તન, શંકા-સમાધાન, મૂલ્યાંકન તેમજ અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરી શકાશે. જોકે, શાળા શરૂ રાખવાનો નિર્ણય સંપૂર્ણપણે સંબંધિત શાળા સંચાલનનો સ્વૈચ્છિક નિર્ણય રહેશે અને તે માટે કોઈ ફરજિયાત સૂચના આપવામાં આવી નથી.

જિલ્લા શિક્ષણાધિકારીએ સ્પષ્ટ કર્યું છે કે શાળા સંચાલકોએ રવિવારે શાળા શરૂ રાખવાનો નિર્ણય લેતા પહેલાં વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને અગાઉથી જાણ કરવી જરૂરી રહેશે. સાથે જ શિક્ષકોની ઉપલબ્ધતા, વિદ્યાર્થીઓની સુવિધા, સલામતી અને સ્થાનિક હવામાનની સ્થિતિને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને જ આયોજન કરવાનું રહેશે.

# BUSINESS મિત્ર

**આરબીઆઇએ વ્યાજદર યથાવત રાખ્યો, છતાં શેરબજાર બેઅસર, સેન્સેક્સ 152.05 પોઇન્ટ વધ્યો**

# શેરબજારમાં શરૂઆતી તેજી ગાયબ

**અમેરિકા**-ઇરાન તણાવ ઘટતા ક્રૂડ તૂટ્યું, મેટલ અને ઓટો શેરોમાં જોરદાર ઉછાળો

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 5:** વૈશ્વિક બજારોની પાછળ ભારતીય શેરબજારમાં આજે તેજી સાથે ખુલ્યા હતા, પરંતુ ઉપલા સ્તરેથી નફાવસુલી જોવા મળી હતી. અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ઘટી રહ્યો છે, અને ફરીથી હોર્મુઝ સ્ટ્રેટ ખુલી જવાની આશા જોવાઈ રહી છે અને તેના લીધે જ ક્રુડ ઓઈલના ભાવ 80 ડોલરની નીચે સરકી ગયા હતા. ટ્રમ્પે કહ્યું કે ઈરાન સાથે વાતચીત ચાલી રહી છે, તેમણે દાવો કર્યો હતો કે વિવાદને ઉકેલવાના હેતુથી બંને પક્ષો ખુબ જ સારી વાતચીત કરી રહ્યા છે. આ ઉપરાંત ટેકનીકલ દ્રષ્ટિએ 24700 પોઈન્ટની સપાટી રેસીસ્ટન્ટ છે. બ્રોકરેજ ફર્મના જણાવ્યા અનુસાર નિફ્ટી 24500 પોઈન્ટનું નીચું સ્તર અને 24427નું સ્તર સપોર્ટ લેવલ તરીકે કામ કરી રહ્યું છે.

આ ઉપરાંત, આરબીઆઈએ વ્યાજદર યથાવત રાખ્યો છે, જેથી નાણાકીય વર્ષ 2027 જીડીપી વૃદ્ધિની આગાહી 6.6 ટકાથી વધારીને 6.7 ટકા કરી છે અને તેના નાણાકીય વર્ષ 2027 સીપીઆઈ ફુગાવાના અંદાજને અગાઉના અંદાજ 5.1 ટકાથી ઘટીને 5 ટકા કરી દીધું છે. સેકટર વાઈઝ જોઈએ તો મેટલ, ઓટો અને રિયલ્ટી શેરોમાં વધારો થયો હતો, જ્યારે મીડિયા, પ્રાઈવેટ બેન્ક અને એફએમસીજી શેરોમાં નરમાઈ જોવા મળી હતી.

### રૂપિયો 27 પૈસા સુધર્યો, 95ની નજીક

ક્રુડ ઓઇલના ભાવ ફરીથી નીચે સરકતા અને 80 ડોલરની નીચે જતાં કરન્સી બજારમાં પણ રૂપિયો સુધર્યો હતો. ડોલરની સામે રૂપિયો 27 પૈસા સુધરીને 95.12ના સ્તરે બંધ રહ્યા હતા. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.39ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.33, પાઉન્ડ 128.54, કેનેડિયન ડોલર 67.94, ઓસ્ટ્રેલિયન ડોલર 67.53, જાપાનીઝ યેન 0.6042 અને સીંગાપોર ડોલર 74.31ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 95.12 રૂ. |
| યુરો | 109.33 રૂ. |
| પાઉન્ડ | 128.54 રૂ. |
| યેન | 0.6042 રૂ. |

બીએસઇ સેન્સેક્સ 152.05 પોઈન્ટ એટલે કે 0.19 ટકા વધીને 78581 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 79000 પોઈન્ટની સપાટી કુદાવીને 79055 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 78285 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો. નિફ્ટી 9.75 પોઈન્ટ એટલે કે 0.04 ટકા સુધારા સાથે 25624.65 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24677 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24497 પોઈન્ટ સુધી ઉછળી હતી. બેન્ક નિફ્ટી 167.25 પોઈન્ટ એટલે કે 0.29 ટકા ઘટીને 57739.95 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે સેલો વર્લ્ડ લિ.માં 22.1 ગણા, જિન્દાલ સ્ટેનલેસમાં 18.73 ગણા, આઈસીઆઈસીઆઈ પ્રુડન્શીયલમાં 16.77 ગણા, ન્યુ ઈન્ડિયા એન્સ્યોરેન્સમાં 15 ગણા અને દિપક નાઈટ્રાઈટમાં 12.18 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરેન્સમાં 28.06 ગણા, દિપક નાઈટ્રાઈટમાં 25.37 ગણા, આશાહી ઈન્ડિયા ગ્લાસમાં 14.38 ગણા, કેસ્ટ્રોલ ઈન્ડિયામાં 8.67 ગણા અને એફએસએન ઈ કોમર્સ વેન્ચર્સમાં 6.17 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ફ્રન્ટલાઈન શેરોની સરખામણીએ સારૂં પ્રદર્શન કરતા જોવા મળ્યા હતા. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.34 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.70 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઈ ખાતે 2310 શેરો વધ્યા હતા, જ્યારે 1923 શેરો ઘટ્યા હતા અને 215 શેરો યથાવત રહ્યા હતા.

ઈન્ડિયા સર્વિસીસ પીએમઆઈ અનુસાર જુલાઈમાં ભારતનું સર્વિસ સેકટરની વૃદ્ધિ ધીમી પડી હતી. જે 57.4થી ઘટીને 53.3 પર પહોંચી ગયો છે. જે 53 મહિનાની નબળી ગતિ દર્શાવે છે. જેની અસર આઈટી સેકટર પર પડતી જોવા મળી છે.

નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 1.72 ટકા વધ્યો હતો. જેમાં હિન્દુસ્તાન કોપર, હિન્દુસ્તાન ઝીંક, વેદાન્તા, વેલસ્પન કોર્પ, જેએસડબલ્યુ સ્ટીલ, હિન્દાલ્કો, એનએમડીસી, લોઈડસ મેટલ્સ, એપીએલ અપોલો ટયુબ્સ અને જિન્દાલ સ્ટેનલેસ ઉછાળો માર્યો હતો.

વૈશ્વિક સ્તરે યુરોપિયન શેરોમાં સુધારો જોવાયો હતો. ગઈકાલે વોલસ્ટ્રીટમાં ઉછાળાના પગલે આજે અન્ય વૈશ્વિક બજારોમાં પોઝિટિવ અસર રહી હતી. મોટા ભાગના એશિયન બજારો પણ ઉછળ્યા હતા. યુરોપિયન બજારોમાં ઉત્સાહિત કોર્પોરેટ કમાણી અને ક્રુડ ઓઈલના નીચા ભાવોએ રોકાણકારોને ચાલુ ભૌગોલિક રાજકીય તણાવ અને મિશ્ર આર્થિક ડેટાને ભૂતકાળમાં જોવામાં મદદ કરી હતી. યુરોઝોન ઉત્પાદક ભાવમાં જુન 2026માં માસિક ધોરણે 0.3 ટકા ઘટ્યો હતો. મજબૂત કમાણી અને ટેકની માગના પુનરાગમનના લીધે એશિયન બજારો ઉંચા જોવાયા હતા. જેમાં ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડો નોંધાયો હતો, તેનો પણ લાભ થયો હતો. યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.33 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે કેક 0.06 ટકા અને ડેક્સ 01.4 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશઈયન બજારોમાં નીક્કી 3.47 ટકા, હેંગસેંગ 0.29 ટકા, તાઈવાન 2.80 ટકા, કોસ્પી 3.63 ટકા, જકાર્તા 0.50 ટકા અને શાંઘાઈ 1.45 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 0.55 ટકા ઘટ્યો હતો.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 152.05 | 78581.00 |
| નિફ્ટી | 9.75 | 24624.65 |
| બેન્ક નિફ્ટી | -167.25 | 57739.95 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| શ્રીરામ ફાઇનાન્સ | 3.23 | 1122.40 |
| ગ્રાસીમ ઇન્ડ. | 2.74 | 3224.00 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 2.31 | 1330.00 |
| હિન્દાલ્કો ઇન્ડ. | 1.96 | 1040.00 |
| એનટીપીસી | 1.82 | 349.90 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 1.91 | 2413.00 |
| અપોલો હોસ્પિટલ | 1.55 | 8910.00 |
| એચસીએલ ટેક્નો | 1.45 | 1350.00 |
| સન ફાર્મા | 1.22 | 1940.00 |
| જિયો ફાઇનાન્સીયલ | 1.15 | 261.95 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 2.04 | 12199.00 |
| એનટીપીસી | 1.77 | 348.00 |
| એસબીઆઇ | 1.74 | 1053.00 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.73 | 3464.00 |
| ઇન્ટરગ્લોબ | 1.34 | 5401.45 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 1.23 | 2419.80 |
| એચસીએલ ટેક્નો | 1.12 | 1341.00 |
| રિલાયન્સ ઇન્ડ. | 0.93 | 1281.00 |
| સન ફાર્મા | 0.56 | 1949.00 |
| એચડીએફસી બેન્ક | 0.40 | 737.00 |

**સોના-ચાંદી સુરત**
(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૧૩૦૦ |
| તેજાબી સોનું | ૧૫૧૨૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૩૭૩૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૮૨૭૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૧૩૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૨૯૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૪૪૦૦ |

**જથ્થાબંધ ખાંડબજાર**
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૨૦૦ |
| એમ-30 | ૫૨૦૦ |
| એસ-30 | ૫૧૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૫૧૦૦ |
| એસ-30 | ૫૦૦૦ |

**તેલ બજાર સુરત**
૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

# યુએસ-ચીન 'ટેક વોર'થી ભારતીય કંપનીઓને લોટરી

**ટ્રમ્પ** તંત્ર દ્વારા ચાઇનીઝ ડેટા સેન્ટર ઇક્વિપમેન્ટ્સ પર પ્રતિબંધની તૈયારી; ભારતીય ટેલિકોમ સેક્ટરને મોટો ફાયદો

**સ્ટરલાઇટ** અને HFCLના શેરમાં ૫%નો ઉછાળો

નવી દિલ્હી, તા. 5

ભારતની લિસ્ટેડ કંપની સ્ટરલાઈટ ટેકનો અને એચએફસીએલના શેરમાં આશરે 5 ટકાનો વધારો થયો હતો, કેમ કે યુએસ સરકાર ચાઈનીઝ ડેટા સેન્ટર સાધનોની આયાત પર પ્રતિબંધ મુકવાનું વિચારી રહી છે.

અમેરિકા અને ચીન વચ્ચે ટેક વોરનો ફાયદો ઉઠાવી શકે છે, ડેટા સેન્ટર ઈકવીપમેન્ટ પરના પ્રતિબંધના કારણે ચીનન બહારની કંપનીઓને તક મળી શકે છે. જેમાં ભારતમાં ટેલિકોમ અને નેટવર્કીંગ ઈક્વિપમેન્ટ ઉત્પાદક કંપની સ્ટરલાઈટ ટેકનો અને એચએફસીએલનો સમાવેશ થાય છે. આ અહેવાલના પગલે શેરોમાં વધારો થયો હતો.

રોઈટર્સના એક રિપોર્ટ અનુસાર ટ્રમ્પ વહીવટી તંત્ર ચીનથી અમેરિકામાંનવા ડેટા સેન્ટર સાધનોની આયાત પર પ્રતિબંધ મુકવાની યોજના બનાવી રહ્યું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, આ મામલાથી પરિચિત લોકો પાસેથી મળેલી માહિતીના આધારે આ નિર્ણય પર વિચારણા કરવામાં આવી રહી છે. આ પગલાનું મુખ્ય કારણ એ છએ કે એઆઈના ઝડપી વિકાસ માટે ઉપયોગમાં લેવાતા જટિલ તકનીકી માળખાનું રક્ષણ કરવું. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે યુએસ ફેડરલ કમ્યુનિકેશન્સ કમિશન, જે યુએસ ટેલિકોમ સેકટરનું નિયમન કરે છે, તે નવા ચાઈનીઝ ઓપ્ટીકલ ટ્રાન્સસીવરની આયાત રોકવાની યોજના બનાવી રહ્યું છે. આ ઓપ્ટીકલ ટ્રાન્સસીવર ડેટા સેન્ટર્સમાં ઉપયોગમાં લેવાતા નાના તકનીકી સાધનો છે, જે ફાઈબર ઓપ્ટીક કેબલ દ્વારા ખૂબ જ ઉંચી ઝડપે ડેટા સ્થાળાતંરિત કરવામાં મદદ કરે છે. સુત્રોના જણાવ્યા અનુસાર આ પગલું દર્શાવે છે કે અમેરિકન સરકાર મહત્વપુર્ણ ક્ષેત્રોમાં ચીની તકનીક પરની નિર્ભરતા ઘટાડવા માગે છે.

# ક્રૂડમાં ૫%થી વધુનો મોટો કડાકો

**બ્રેન્ટ** ક્રુડ 80 ડોલરની નીચે

**કતારની** મધ્યસ્થી અને અમેરિકા સાથેની વાટાઘાટોથી વૈશ્વિક તેલ પુરવઠાનું જોખમ ઘટ્યું

નવી દિલ્હી, તા. 5: અમેરિકા-ઈરાન વચ્ચેના સંઘર્ષ ઘટવાની અપેક્ષાએ ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. આજે બ્રેન્ટ ક્રુડનો ભાવ 5.3 ટકા ઘટીને 80 ડોલરની નીચે સરકીને 79.36 ડોલર પર પહોંચ્યો હતો. જ્યારે ડબલ્યુટીઆઈ 5.7 ટકા ગગડીને 75.77 ડોલર પર પહોંચ્યો છે. આમ, બંને ક્રુડના ભાવ ત્રણ સપ્તાહના નીચલા સ્તરે પહોંચ્યા છે. જોકે, આજે વહેલી સવારે એશિયન બજારોમાં બ્રેન્ટ 26 સેન્ટ સુધરીને 79.62 ડોલર અને ડબલ્યુટીઆઈ ક્રુડ 75.90 ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યું હતું.

અમેરિકા અને ઈરાન વચ્ચે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ફરી ખોલવા અંગે સમજૂતી થવાની આશા મુખ્ય કારણ બની છે. અમેરિકાના નાણામંત્રીએ આજે અથવા કાલે કરાર થવાની સંભાવના વ્યક્ત કરી હતી, જ્યારે મધ્યસ્થી કરી રહેલા કતારે રાજદ્વારી પ્રયાસોમાં પ્રગતિ થઈ હોવાનું જણાવ્યું છે. જોકે, ઈરાને અમેરિકા સાથે સીધી વાટાઘાટો ચાલી રહી હોવાના દાવાને નકાર્યો હોવાથી હજુય સુધી કોઈ અંતિમ કરારની સત્તાવાર જાહેરાત થઈ નથી.

હોર્મુઝ સ્ટ્રેટમાંથી સંઘર્ષ પહેલા વિશ્વના આશરે 20 ટકા ઓઈલ અને કુદરતી ગેસ પરિવહન થતું હતું, જે ફરીથી સામાન્ય રીતે ખુલવાની શક્યતાથી પુરવઠા અંગેનું જોખમ ઘટવાની ધારણાએ ઓઈલના ભાવ નીચે ખેંચ્યા છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ)
નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૧ | ----- | --- |
| 30/૨૪ બ્રાઇટ | ૨૫૩ | ૫૦/૩૬ '' | ૧૪૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૯.૨૫ |
| 30/૩૬ એફડી | ૨૬૨.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૬ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫.૫ | 30/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૩૮.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮.૫ |
| 30/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯.૨૫ | ૮૦ ક્રિમ્પ | ૧૩૬ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૪૯.૨૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | 30/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૪ | ૮૦/૧૦૮ '' | ૧૪૧.૫ | 30/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૯ |